ગુજરાત(જાહેર સેવાઓ અંગેનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે વિકસતી જાતિ કલ્યાણની પાંચ(૫) યોજનાઓની શરતોમાં સરળતા અંગે ટાસ્ક ફોર્સની સમિતિ દ્વારા બિઝનેસ પ્રોસેસ રી-એંજીનિયરિંગ અંતર્ગત સુધારા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૧/૫૩૬૩૯૦/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૯/૧૨/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૧ નો ઠરાવ ક્ર.:આરસીપીએસ/૧૦૨૦૨૧/૩૬૯/વસુતાપ્ર-૪

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા. ૨૫/૧૦/૨૦૨૧નો પત્ર ક્ર.: વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૧૧૭૫

(૩) સા.ન્યા અને અધિ. વિ.ના તા.૦૩/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્ર.: સશપ/૧૧૨૦૦૦/ન.બા.-૧/અ

(૪) સા.ન્યા અને અધિ. વિ.ના તા.૦૧/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્ર.: સશપ/૧૦૨૦૧૩/૮૭૨૬૪૧/અ

(૫) સા.ન્યા અને અધિ. વિ. ના તા.૨૪/૦૫/૨૦૧૬ ના ઠરાવ ક્ર.: સશપ/૧૧૨૦૧૩/૮૭૨૬૪૦/અ

(૬) સા.ન્યા અને અધિ. વિ.ના તા.૨૦/૦૩/૧૯૯૯ના ઠરાવ ક્ર.: સશપ/૧૧૯૭/ન.બા.૫/અ

(૭) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,(સમાજ કલ્યાણ પ્રભાગ)ના તા.૨૦/૧૦/૧૯૯૫નો ઠરાવ ક્ર.: એસસીડબલ્યુ/૧૦૯૧/૯૭૫(૯૫)૨./જ

(૮)સા.ન્યા અને અધિ. વિ.ના તા.૨૬/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૩૨૦૧૪/૫૨૭૮૨૮/અ

(૯) સા.ન્યા. અને અ.વિ.ના તા.૨૪/૦૮/૨૦૧૮ના પરીપત્ર ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૫/૪૯૫૮૫૩/અ.૧

**આમુખઃ-**

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ – (૧) પરના તા.૦૭/૧૦/૨૦૨૧ ના ઠરાવથી ગુજરાત જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ અમલમાં આવ્યા પછી સચિવાલયના ૧૮ વિભાગોની કુલ-૨૭૮ સેવાઓ માટે બિઝનેસ પ્રોસેસ રી-એંજીનિયરિંગની કામગીરી હાથ ધરવા તથા વિભાગવાર આ કામગીરી માટે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં આ સેવાના વિતરણ સાથે સંકળાયેલ ક્ષેત્રીય અધિકારીને આવરી લઇને ટાસ્ક સમીતિની રચના તથા સમીતિએ કરવાની કામગીરી વિશે સૂચનાઓ આપવામાં આવેલ છે.

આ સમીતિએ કરેલ સૂચનોને લક્ષ્યમાં રાખી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ અપાતી સેવાઓ નાગરિકોને સરળતાથી સમયબદ્ધ રીતે ઉપલબ્ધ થાય તેવા આશયથી યોજનાઓની શરતોમાં સરળીકરણ માટે વંચાણે લીધેલ ક્રમ (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૨૫/૧૦/૨૦૨૧ના પત્ર ક્ર.:વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૧૧૭૫ થી વિકસતી જાતિ કલ્યાણ હેઠળની કુલ-પાંચ સેવાઓમાં સુધારા-

વધારા સૂચવવામાં આવેલ. જેને ઉક્ત ટાસ્ક ફોર્સની સમિતિ દ્વારા બિઝનેસ પ્રોસેસ રી-એંજીનિયરિંગ અંતર્ગત જરૂરી ચકાસણી કરી સરકારશ્રી સમક્ષ રજૂ કરવામાં આવેલ.

ઉક્ત પાંચ સેવાઓમાં નીચે મુજબની યોજનાઓ સામેલ છે.- વંચાણે લીધેલ ક્રમ (૩), (૪), (૫) પરના ઠરાવોથી વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન યોજના, ક્રમ (૬) પરના ઠરાવથી કોમર્શિયલ પાયલોટ તાલીમ માટે લોન યોજના, ક્રમ (૭) પરના તથા વખતોવખતના ઠરાવથી કુંવરબાઇનું મામેરું યોજના, ક્રમ(૮) પરના ઠરાવથી સાતફેરા સમુહલગ્ન યોજના અમલમાં છે તેમજ ક્રમ (૯) પરના પરીપત્રથી માનવ ગરીમા યોજના અંતર્ગત સૂચનાઓ પ્રસિદ્ધ કરેલ છે. નાગરિકોને આ સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તેવા આશયથી યોજનાઓની શરતોમાં સરળતા લાવવાનું સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતું.

ઠ રા વઃ-

પુખ્ત વિચારણાને અંતે વિકસતી જાતિ કલ્યાણ હેઠળની (૧)વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન યોજના, (૨) કોમર્શિયલ પાયલોટ તાલીમ માટે લોન યોજના, (૩) કુંવરબાઇનું મામેરું યોજના, (૪) સાતફેરા સમુહલગ્ન યોજના તથા (૫) માનવ ગરીમા યોજનાના વંચાણે લીધેલ ઠરાવોમાં નીચે મુજબના સુધારા-વધારા કરવામાં આવે છેઃ-

| (૧) વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન યોજના | | |
|---|---|---|
| ૧. તા.૦૩/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૧૨૦૦૦/ન.બા.-૧/અ | | |
| ક્રમ | પ્રવર્તમાન જોગવાઇ | સુધારો |
| ૧ | શરત નં. ૧ "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ જે તે વિદ્યાશાખામાં વિશેષ યોગ્યતા મેળવેલ હોય કે અદ્વિતીય ઉપલબ્ધી પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય દ્વારા માન્ય અભ્યાસક્રમ અને સંસ્થાની માન્યતાની ચકાસણી કર્યા બાદ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષા, પી.એચ.ડી. તેમજ ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન આપવાની રહેશે." | "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ડિપ્લોમા, સ્નાતક (ગ્રેજ્યુએટ), અનુસ્નાતક (પોષ્ટ ગ્રેજ્યુએટ), પોષ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા,પી. એચ. ડી. તેમજ ઉચ્ચ કક્ષાના તમામ ક્ષેત્રના ૧ (એક) વર્ષથી વધુ સમયના અભ્યાસક્રમો માટે લોન આપવાની રહેશે." |
| ૨ | શરત નં. ૩ "પરદેશમાં વધુ અભ્યાસ માટે જતા પહેલા અરજદારે પાસપોર્ટ, સ્ટુડન્ટ વીઝા તેમજ વિદેશની માન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મળવા અંગેના આધાર પુરાવાઓ રજુ કરવાના રહેશે." | "વિદેશ વધુ અભ્યાસ માટે જતા પહેલા અથવા અરજદાર વિદેશ ગયાના વધુમાં વધુ છ માસ સુધીમાં અરજદારે પાસપોર્ટ, સ્ટુડન્ટ વીઝા તેમજ વિદેશની માન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મળવા અંગેના આધાર પુરાવાઓ રજુ કરવાના રહેશે લોન મેળવવા માટે અરજી કરી શકશે." |
| ૩ | શરત નં.૯ મુજબ "લાભાર્થીએ બે સધ્ધર જામીનદારો રજુ કરવાના રહેશે." | "એક સધ્ધર જામીનદાર રજુ કરવાના રહેશે." |

| | | |
|---|---|---|
| ૪ | શરત નં.૧૦ મુજબ "આ યોજના હેઠળ લોન મેળવનાર લાભાર્થીએ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારત દેશમાં ઓછામાં ઓછી પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો લાભાર્થી પરદેશમાં સ્થાયી થશે તો આવી લોનની રકમ વ્યાજ સાથે એક સામટી રાજ્ય સરકારને પરત કરવાની રહેશે. આમાં કોઇ છુટછાટ આપવામાં આવશે નહી. જો લાભાર્થી આવી રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તે રકમ તેના જામીનદારો પાસેથી સરખા ભાગે વસુલ કરવામાં આવશે અને જો જામીનદારો આ રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તેમની પાસેથી તે રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવામાં આવશે." | **રદ કરવામાં આવે છે.** |
| ૫ | શરત નં.૧૧ મુજબ "આવા અભ્યાસક્રમમાં દાખલ થવા ઇચ્છતા ઉમેદવારોના કોઇ સગાસબંધી વિદેશમાં રહેતા હોય તો વિદ્યાર્થીને તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઇએ નહી." | **રદ કરવામાં આવે છે.** |
| ૬ | શરત નં.૧૨ મુજબ "લાભાર્થીએ તેને લોનના નાણાં મળ્યાની તારીખથી એક મહિનાની અંદર અભ્યાસક્રમ શરૂ કરવાનો રહેશે. વળી લાભાર્થીએ તેના અભ્યાસક્રમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ સબંધિત શૈક્ષણિક સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગુજરાત રાજ્ય, ગાંધીનગરને નિયમિત રજુ કરવાનો રહેશે." | **રદ કરવામાં આવે છે.** |
| **૨. તા.૦૧/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૦૨૦૧૩/૮૭૨૬૪૧/અ** | | |
| ૭ | શરત નં. ૮ મુજબ "આ યોજના હેઠળ ક્વોલીટી ઓફ યુનિવર્સીટીની ખાત્રી કરી યુનિવર્સિટી નિયત કરી, તે યુનિવર્સિટી માટે જ સહાય ચુકવવાની રહેશે." | **રદ કરવામાં આવે છે.** |
| **૩. તા.૨૪/૦૫/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૧૨૦૧૩/૮૭૨૬૪૦/અ** | | |
| ૮ | શરત નં. ૨ "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કિસ્સામાં ધોરણ - ૧૨ ના આધારે સ્નાતક (Graduate)ના અભ્યાસ માટે વિદેશ જનારાઓ માટે ધોરણ - ૧૨માં ૬૫% નુ ધોરણ અને તે પૈકી અતિપછાત, વધુ પછાત, વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓના કિસ્સામાં ઓછામાં ઓછા ૫૫% ગુણ હશે તેમને જ લોન મળવાપાત્ર રહેશે." | **."સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કિસ્સામાં ધોરણ - ૧૨/ ડિપ્લોમા ના આધારે વિદેશ જનારાઓ માટે ધોરણ - ૧૨માં ૬૫% નુ ધોરણઅને તે પૈકી અતિપછાત, વધુ પછાત, વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓના કિસ્સામાં ઓછામાં ઓછા ૫૫% ગુણ હશે તેમને જ લોન મળવાપાત્ર રહેશે."** |
| ૯ | શરત નં. ૩ "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સ્નાતક કક્ષાના અભ્યાસના આધારે અનુસ્નાતક કક્ષાના (Post graduate) અભ્યાસ માટે | **"સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સ્નાતક કક્ષાના અભ્યાસના આધારે વિદેશ જતા લાભાર્થીઓના કિસ્સાઓમાં સ્નાતક કક્ષાએ ઓછામાં** |

| | | |
|---|---|---|
| | વિદેશ જતા લાભાર્થીઓના કિસ્સાઓમાં સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૬૦% અને તે પૈકી અતિપછાત, વધુ પછાત, વિચરતી અને વિમુકત જાતિના લાભાર્થી વિદ્યાર્થીઓના કિસ્સામાં સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૦% ગુણ હશે તેમને જ લોન મળવાપાત્ર રહેશે." | ઓછા ૬૦% અને તે પૈકી અતિપછાત, વધુ પછાત, વિચરતી અને વિમુકત જાતિના લાભાર્થી વિદ્યાર્થીઓના કિસ્સામાં સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૦% ગુણ હશે તેમને જ લોન મળવાપાત્ર રહેશે." |
| | **(૨) કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે લોન** | |
| | **૧. તા.૨૦/૦૩/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક સશપ/૧૧૯૭/ન.બા.૫/અ** | |
| ૧૦ | શરત નં. ૩ "તાલીમાર્થી પરદેશ ની જે સંસ્થામાં તાલીમ મેળવે તે સંસ્થા તેમના દેશની સરકાર દ્વારા આવી તાલીમ આપવા માટે માન્ય થયેલ હોવી જોઇએ. તથા આવી તાલીમ બાદ મેળવવામાં આવતાં કોમર્શિયલ પાયલોટ લાયસન્સ, તે દેશમાં સ્વીકૃત થયેલ હોવા જોઇએ. ત્યાર પછી ભારતમાં તે લાયસન્સ સ્વીકૃતિ કરાવવા માટે તાલીમાર્થીને જરૂરી કાયદેસરની કાર્યવાહી એક વર્ષની અંદર પુરી કરવાની રહેશે. | "તાલીમાર્થી ભારત અથવા વિદેશની જે સંસ્થામાં તાલીમ મેળવે તે સંસ્થા તેમના દેશની સરકાર દ્વારા આવી તાલીમ આપવા માટે માન્ય થયેલ હોવી જોઇએ." |
| ૧૧ | શરત નં. ૬ મુજબ "આ યોજના હેઠળ લોન/સહાય મેળવનાર લાભાર્થીએ તાલીમ પુર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો તેઓ પરદેશમાં સ્થાયી થશે તો આવી લોન-સહાયની રકમ સંપુર્ણપણે વ્યાજ સહિત ગુજરાત સરકારને પરત કરવાની રહેશે. જેમાં કોઇપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં." | રદ કરવામાં આવે છે. |
| ૧૨ | શરત નં. ૭ મુજબ "આવી તાલીમ લેવા ઇચ્છતાં ઉમેદવારોના કોઇ સગાં-સંબંધિ વિદેશમાં રહેતા હોય તો તાલીમાર્થીઓને તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઇએ નહીં." | રદ કરવામાં આવે છે. |
| ૧૩ | શરત નં. ૯ મુજબ "પરદેશમાં તાલીમ લેવા ઇચ્છાવાળા તાલીમાર્થીઓને આ યોજના હેઠળ લોન-સહાયની રકમ ચૂકવતી વખતે રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નિયત થયેલ વિનિમય દરે જ લોન-સહાયની રકમ ચૂકવવામાં આવશે અને તાલીમાર્થીઓના ભથ્થાઓ માટે રીઝર્વ બેંકની મંજુરી મેળવવાની રહેશે.રીઝર્વ બેંક જેટલા પ્રમાણમાં તાલીમ ફી(Tution fee), નિર્વાહ ભથ્થાં(વધુમાં વધુ છ મહિના માટે)અને શરૂઆતના સાધનો માટેના ભથ્થાં મંજુર કરશે તેટલા પ્રમાણમાં જ લોન સહાયની રકમ મંજુર થઇ શકશે." | રદ કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૧૪ | શરત નં. ૧૫ મુજબ "તાલીમાર્થીએ ખરેખર લોનના નાણાં ચૂકવવાની તારીખથી એક મહિનાની અંદર તાલીમ શરૂ કરવાની રહેશે. બાકી તાલીમાર્થીએ પોતાની તાલીમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ તાલીમ આપતી સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજુ કરવાનો રહેશે." | **રદ કરવામાં આવે છે.** |
| ૧૫ | શરત નં. ૧૯ મુજબ "લાભાર્થીએ બે યોગ્ય જામીન રજુ કરવાના રહેશે.(નમૂનો સામેલ છે.)" | "એક સધ્ધર જામીનદાર રજુ કરવાના રહેશે." |
| ૧૬ | શરત નં. ૨૦ મુજબ "આ યોજના હેઠળ લોનની રકમની ચૂકવણી કરતાં પહેલાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, અરજદાર પાસેથી ઉપર મુજબની શરતોના પરિપાલન માટે સ્વીકૃતિ(Agreement)(નમૂનો સામેલ છે.) લેવાની રહેશે અને અરજદાર તરફથી તેનું યોગ્ય પાલન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે." | **રદ કરવામાં આવે છે.** |
| | **૨. તા.૧૦/૦૭/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક સશપ-૧૪૦૬-ન.બા.-૧૯-અ** | |
| ૧૭ | શરત નં. ૧૦ મુજબ " અરજદારે તેમની સંપુર્ણ વિગતો અને પ્રમાણપત્રો સાથેની અરજી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને નિયત કરેલ બાંહેધરીપત્રક (Agreement) તથા જરૂરી જામીનખત સાથે મોકલી આપવાની રહેશે. નિયામકશ્રીએ અરજદારની અરજીની સંપુર્ણપણે ચકાસણી કરીને નિયમોનુસાર મળવાપાત્ર લોન મંજૂર કરવાની રહેશે." | **"અરજદારે તેમની સંપુર્ણ વિગતો અને પ્રમાણપત્રો સાથેની અરજી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા નિયત કરેલ બાંહેધરીપત્રક (Agreement) / જામીનખત સાથે મોકલી આપવાની રહેશે. નિયામકશ્રીએ અરજદારની અરજીની સંપુર્ણપણે ચકાસણી કરીને નિયમોનુસાર મળવાપાત્ર લોન મંજૂર કરવાની રહેશે."** |
| | **(3) કુંવરબાઇનું મામેરૂ** | |
| | **તા.૨૦/૧૦/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક- એસસીડબલ્યુ/૧૦૯૧/૯૭૫(૯૫)૨/જ** | |
| ૧૮ | **શરત નં. (૨) પૈકી "પુનર્લગ્નના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર રહેશે નહી."** | **રદ કરવામાં આવે છે.** |
| ૧૯ | - | **આ શરત ઉમેરવામાં આવે છે.**- સમયમર્યાદામાં અરજીના નિકાલ કરવા માટે સ્થળ તપાસ કરવાની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર કરવાની પ્રક્રીયા કરવી. |
| | **(૪) સાત ફેરા સમુહ લગ્ન યોજના** | |
| | **તા.૨૬/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૩૨૦૧૪/૫૨૭૮૨૮/અ** | |
| ૨૦ | આયોજકોએ ૧૫ દિવસ અગાઉ નવયુગલોના સમૂહ લગ્ન અંગેની જાણ/અરજી અમલીકરણ અધિકારીને કરવાની રહેશે | **રદ કરવામાં આવે છે.** |

| | | |
|---|---|---|
| ૨૧ | યુગલોના ફોટા, જાતિ પ્રમાણપત્રો અને શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે | **રદ કરવામાં આવે છે.** |
| ૨૨ | - | **<u>આ શરત ઉમેરવામાં આવે છે.-</u>** સમયમર્યાદામાં અરજીના નિકાલ કરવા માટે સ્થળ તપાસ કરવાની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર કરવાની પ્રક્રીયા કરવી. |
| **(૫) માનવ ગરીમા યોજના-** | | |
| તા.૨૪/૦૮/૨૦૧૮ના પરીપત્ર ક્રમાંક: સશપ/૧૦૨૦૧૫/૪૯૫૮૫૩/અ.૧ | | |
| ૨૩ | - | **<u>આ શરત ઉમેરવામાં આવે છે.-</u>** "આ યોજના હેઠળ મળેલ અરજીઓની સ્થળ તપાસ કરવાની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર કરવાની પ્રક્રીયા કરવી." |

ઉક્ત પાંચ યોજનાઓ/સેવાઓ સંબંધિત અત્રે ઉલ્લેખિત સિવાયના અન્ય તમામ ઠરાવો/પરીપત્રોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે. સદર ઠરાવની જોગવાઇઓ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી લાગુ થશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૦/૧૨/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાનાઃ-</u>**

- મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વસુતાપ્ર, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, (અ.જા.ક), સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(next page please)

- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા) (નિયામકશ્રી(વિ.જા) મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વ શાખાઓ, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.